ક્રમાંક/મહેકમ/ 389

કમિશનર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૧૧/૧૧/૨૦૨૪

વિષયઃ– ભાવનગર મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ બોન્ડ અંગેની કાર્યવાહી માટે હિસાબી શાખામાં કરાર આધારીત સી.એ. રોકવા બાબત.

સંદર્ભઃ– ભાવનગર મહાનગરપાલિકા પસંદગી સમિતિ નો તા.૧૧/૧૧/૨૦૨૪ નું રોજકામ

હુ ક મ :–

(૧) ભાવનગર મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ બોન્ડ અંગેની કાર્યવાહી માટે હિસાબી શાખામાં કરાર આધારીત સી.એ. રોકવા માટે સ્થાનિક બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ કમિશનર કચેરીમાં વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ. આ કરાર આધારીત જગ્યા ઉપર પસંદગી કરવા તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ પસંદગી સમિતિ દ્વારા લેવાયેલ મૌખીક કસોટી બાદ તૈયાર થયેલ મેરીટ લીસ્ટ અનુસાર નીચે જણાવેલ ઉમેદવારને હિસાબી શાખામાં કરાર આધારીત સી.એ. ની કરાર આધારીત જગ્યા ઉપર નિમણુંક આપવા નકકી થયેલ છે.

(૨) ઉપરોકત વિગતે નીચે જણાવેલ ઉમેદવારોને મ્યુનિસિપલ બોન્ડ અંગેની કાર્યવાહી માટે હિસાબી શાખામાં હાજર થયા તારીખથી છ માસ અથવા આ કામગીરી પુરી થાય તે બે માથી જે વહેલું હોય ત્યાં સુધી નીચેની શરતોને આધીન રોકવા હુકમ કરવામાં આવે છે.

| મેરીટ ક્રમ | નામ | લાયકાત | પ્રતિમાસ ફીકસ પગારની રકમ |
|---|---|---|---|
| ૧ | શ્રી ચાર્મી જયેશભાઈ શાહ | સી.એ. | રૂ.૪૦,૦૦૦/– |

:: શ ર તો ::

(૧) આ હુકમ મળ્યા તારીખથી દિવસ–૧૫ માં ફરજ પર હાજર થવાનું રહેશે. નિયત મુદતમાં હાજર નહી થયેથી તેઓની નિમણુંક રદ કરી વેઈટીંગ લીસ્ટમાં તે પછીના મેરીટના ક્રમાંક આવતા ઉમેદવારની નિમણુંક કરવામા આવશે.

(૨) કરાર આધારીત કરવામાં આવેલ કામગીરી નિયમીત ભરતીમાં ગણાશે નહી.

(૩) કરારના સમય દરમ્યાન નિયત થયેલ માસિક ઉચ્ચક મહેનતાણું મળશે અને નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે.

(૪) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસના મહેનતાણાની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૫) માસિક ઉચ્ચક મહેનતાણા ઉપર કોઈપણ જાતના ભથ્થા મળવા પાત્ર થશે નહી અને ઉચ્ચક મહેનતાણામાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવા પાત્ર થશે નહી.

(૬) કરારના સમય દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ કે કોઈપણ પ્રકારનાં અન્ય ભથ્થા મળવા પાત્ર થશે નહી.

(૭) કરારના સમય દરમ્યાન ઉમેદવારનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજનાં સમયગાળાની ફીકસ વેતનની લ્હેણી રકમ તેના કુટુંબીજનોને મળવા પાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાંકીય લાભો એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગીક લાભો મળવા પાત્ર થશે નહી.

(૮) કરારની મુદત છ માસ અથવા આ કામગીરી પુરી થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે. અને તે મુદત પુર્ણ થયેથી આપોઆપ અંત આવેલો ગણાશે.

(૯) ભાવનગર શહેરમાં રહેણાંક રાખવાનું ફરજીયાત રહેશે. અને અધિકૃત સતા અધિકારીની પુર્વ મંજુરી સિવાય મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૦) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે કરારનો અંત લાવી છુટા કરવામાં આવશે.

(૧૧) વ્યવસાયવેરાની કપાત નિયમોનુસાર ઉચ્ચક મહેનતાણામાથી કરી લેવાની રહેશે.



કોમ્પ્યુટર વિભાગ
ઈનવર્ડ નંબર 2080

(૧૨) આ જગ્યા ઉપર તદન કામચલાઉ ધોરણે કરાર આધારીત ઉચ્ચક મહેનતાણાથી રોકાયેલ વ્યકિતને ભાવનગર મહાનગરપાલિકાનાં મંજુર મહેકમ પર સમાવિષ્ટ થવા માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહી. અને તે અંગે ભવિષ્યમા કોઈ હકક, દાવો કરવાનો રહેશે નહી તે બાબતની લેખીત બાંહેધરી આપવાની રહેશે.

(૧૩) ઉપરોકત શરતો ઉમેદવારોને સ્વિકાર્ય છે, તે અંગેનું ધોરણસરના રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક રજુ કરવાનું રહેશે.

(૧૪) આ સબંધે ન્યાયીક ક્ષેત્ર ભાવનગર રહેશે.

(૧૫) આ કરારની કોઈપણ કે તમામ બાબતો અંગે કોઈપણ અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબતે બીજા પક્ષકારનાં કમિશનરશ્રીનો નિર્ણય આખરી રહેશે. અને તે પ્રથમ પક્ષકારને બંધનકર્તા અને સ્વિકાર્ય રહેશે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ જાણ તથા અમલ થવા :–</u>

(૧) શ્રી ચાર્મી જયેશભાઈ શાહ

(૨) સચિવશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર

(૩) એકાઉન્ટ વિભાગ...... આ કરાર આધારીત ઉમેદવારનું એગ્રીમેન્ટની તથા ફીકસ વેતનના બીલ બનાવવાની કાર્યવાહી કરવા તથા તેના ફીકસ વેતનનો ખર્ચ જુદી જુદી સેવાઓ આઉટસોર્સીગથી કરવા માટેના ખર્ચ હેડે ઉધારવા સારૂ.

(૪) ઓડીટ વિભાગ

(૫) ઈ.ડી.પી.મેનેજરશ્રી, કોમ્પ્યુટર વિભાગ.....ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા સારૂ.